## મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા મકાઈની વૈજ્ઞાનિક ખેતી અંતર્ગત ખેડૂત તાલીમ યોજાઈ.

પંચમહાલ જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈપાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા અત્રેના કેન્દ્ર ખાતે તા.૨૭/૦૬/૨૦૧૮ ના રોજ “મકાઈની વૈજ્ઞાનિક ખેતી” અંગે ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ દ્વારા દાહોદ જિલ્લાના ગરબાડા અને ઝાલોદ તાલુકાનાં ૬૦ ખેડૂતમિત્રો માટે તાલીમનું આયોજન કરેલ હતું.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગેની તાલીમ આપવા ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ દ્વારા "ક્લાઈમેટ પ્રૂફિંગ ઇન્ટરવેંશન" અંતર્ગત અત્રેના કેન્દ્ર ખાતે એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૬૦ જેટલા ટ્રાઇબલ વિસ્તારના આદિજાતિના ખેડૂત-મિત્રોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ તાલીમ કાર્યક્રમમાં કેન્દ્રના યુનિટ હેડ અને સહસંશોધન વૈજ્ઞાનિક ડૉ.એમ.બી.પટેલ એ મકાઈની મુલ્ય વર્ધિત, સંયોજિત અને સંકર જાતો વિષે માહિતી આપી. ડૉ.પી.કે.પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (પી.બી) એ મકાઈમાં બીજ ઉત્પાદન અને સીડ વિલેજ પ્રોગ્રામની માહિતી આપેલ હતી.

પ્રો.કે.એચ.પટેલે, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રો) દ્વારા મકાઈની વૈજ્ઞાનિક અને નફાકારક ખેતી પદ્ધતિ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી, તેમજ ડૉ.બી.એન.ઠક્કર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈમાં ક્ષેત્રીય નિદર્શનથી થતા ફાયદાઓ વિષે વિસ્તૃતમાં માહિતી આપી.

પ્રો.ડી.એમ.રાઠોડ,મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે અનુરોધ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો.ડી.એમ.રાઠોડે કરેલ હતું અને ખેડૂત મિત્રો ના પ્રશ્નોનું પણ નિરાકરણ કરવામાં આવેલ હતું.





મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ખેડૂત તાલીમ